## જાહેરનામું

### ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ-૩૩ અન્વયે કાઢેલ હુકમ

નં.વિશા/એ સેકશન/પરમીટ/૧૦૪/૨૦૧૯
પોલીસ કમિશનરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ, અમદાવાદ શહેર તા.૨૨/૦૯/૨૦૧૯

પી.આર.ઓ.

વિધાનસભા પેટા ચુંટણી-૨૦૧૯ તા.૨૧/૧૦/૨૦૧૯ ના રોજ યોજાનાર છે. ભારતના ચુંટણીપંચ નવી દિલ્હી દ્વારા વાહનોના ઉપયોગ સંબંધે સુચનાઓ અને આદેશો બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ ત્રણથી વધુ કાર/વાહનોને સુરક્ષા (CONVOY) કાફલા રૂપે જવા દેવા પર પ્રતિબંધ ફરમાવવાનું મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચૂંટણીપંચના પ્રવર્તમાન આદેશ મુજબ નક્કી થયેલ આચાર સંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશથી કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણીના ઉમેદવારો સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યક્તિ ઉપર જણાવેલ વિગતે ત્રણથી વધુ વાહનોના બનેલ કાફલામાં કાર/વાહનમાં જવાઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) આ સુચનાઓ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૩) વાહનોનો અર્થ પરીવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતાં કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(૪) આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના હેઠળના ૫૦-અમરાઈવાડી વિધાનસભા મત વિસ્તાર તેમજ લાલદરવાજા બહુમાળી ભવનને વિસ્તારને લાગુ પડશે.

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ અનુક્રમે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

માત્ર પ્રધાનમંત્રીશ્રી અને એવી રાજકીય વ્યકિતઓ તેમજ મહાનુભાવો જ અપવાદ રૂપ રહેશે કે જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવેલી હોય તેના સંદર્ભમાં ઉચ્ચ દરજ્જાની સલામતી વ્યવસ્થાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ.

આ હુકમ તા.૨૨/૦૯/૨૦૧૯ ના કલાક ૧૭.૦૦ થી તા.૦૬/૧૦/૨૦૧૯ ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સ્પેશિયલ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૨૨/૦૯/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

(એ. કે. સિંઘ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.